


# શું નોકર વગર ઘર ના ચાલે..?



પરી અને પરેશ એક ખુશહાલ યુગલ છે. તેઓને બે બાળકો છે. એક દિવસ સવારે આ આનંદી યુગલ તણાવમય બનીને એકબીજા સાથે ઝઘડતું હતું.

હેતા અને હિરેન બંને જોબ કરે છે. તેઓને બે વર્ષનું બાળક છે. તેઓ બંને તાણગ્રસ્ત અને ચીડિયા દેખાય છે, તેમનું બાળક પણ તેમને ઝઘડતાં જોઈને ડઘાયેલું રહે છે.

નિશી ઘરે રહીને પોતાનું કામ કરે છે. તે પણ હંમેશાં ત્રસ્ત દેખાય છે.

આ બધાંને પડતી તકલીફનું કારણ કામવાળા છે. નિશીને ત્યાં કામ કરનાર માણસ અચાનક ગમે ત્યારે જતો રહે છે, અત્યાર સુધીમાં તેને ત્યાં દસેક કામવાળા બદલાઈ ચૂક્યા છે. ખાસ કરીને શહેરમાં જીવન ખૂબ દોડધામવાળું હોય છે અને જ્યાં કામવાળા વગર ચાલે તેમ નથી, આ સમસ્યા માત્ર નિશી, પરી કે હેતાની નથી. આ સમસ્યા સૌને સતાવે તેવી છે. દરેક નારીને કે જેમના ઘરે કામવાળી બાઈ ન આવે તો તેમની હાલત કેટલી કફોડી બની જાય છે. આધુનિક સમયમાં દરેક જગ્યાએ કામવાળાની બોલબાલા એવી તો વધી ગઈ છે કે તે એક દિવસ પણ કામ પર નહિ આવે તો તેના શેઠાણી મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

કામવાળા ઘણાંને ત્યાં આખા દિવસના, તો ઘણાંને ત્યાં છૂટક વાસણ, કપડાં, કચરા-પોતાં કરીને ચાલી જાય છે.

ઘરમાં કામવાળા જેવી અજાણી વ્યક્તિના આગમનથી તમે તમારી અંગતતા અને આઝાદી ગુમાવી બેસો છો. તમે તેની હાજરીમાં મુક્તપણે વર્તી શકતાં નથી એટલે કે કામવાળા આપણા ટાઈમ મુજબ ન ચાલે આપણે તેમના ટાઈમ મુજબ સેટ થઈને ચાલવાનું, એટલે કે એમના કામ કરવાના સમય સાથે મેચ કરીને ચાલવાનું હોય છે અને અચાનક જો આપણે બહાર જવાનું થયું તો આખું ઘર ભરોસે સોંપીને જવું પડે અને એ ભરોસાને લીધે કેટલાંય ઘર લૂંટાયાં છે.

જીવન સરગમ
બિન્દુબેન કચરા

અમારા સંબંધી અમારા એપાર્ટમેન્ટમાં જ રહે. ધાર્મિક ઉત્સવમાં જવા માટે આખું ઘર કામવાળીને ભરોસે મૂકી ગયા. કામવાળાએ બધા કબાટ તોડીને બધા દાગીનાનું પોટલું બાંધી બારીમાંથી સાગરીતને ફેંક્યું ને લઈને પલાયન થઈ ગયો. ઘરના સૌ આવીને જુએ છે તો આખું ઘર ખુલ્લું અને બધા સોનાના દાગીના ગાયબ! કેટલી દોડધામ કરી, પકડાયા પણ ખરા પણ એક પણ દાગીનો પાછો આવ્યો નહીં– ઊલટા બધે પૈસા ખવડાવવામાં ગાંઠના ગોપીચંદન થયા. આવા તો કેટલાય બનાવો છાપાંમાં ચમકે છે પણ આપણે સુધરતાં નથી કારણ કે આજની શિક્ષિત વ્યક્તિઓને ગરીબી પણ બાદશાહીપૂર્વક ભોગવવી ગમે છે, શ્રમ કરતાં તેને શરમ આવે છે. આમ ઘણાં લોકોને એવો અનુભવ છે કે ઘરમાં કામવાળાની હાજરી એ એક અરુચિકર ઘૂસણખોરી સમાન ઘટના છે.

નિરાલી એકવીસ વરસની પાર્ટટાઈમ રિટેલ કન્સલ્ટન્ટ છે. તેને છ વર્ષનું એક સંતાન છે. તેણે પાંચ વર્ષ યુ.એસ.માં કાઢ્યાં છે, તે કહે છે કે યુ.એસ.માં તે અને તેના પતિ બંને મળીને ઘરનાં કામ કરતાં હતાં. બધું સરસ રીતે ચાલતું હતું. પછી ભારત તેઓ પાછાં આવ્યાં. અહીં આવીને તેઓએ ઘરેલુ મદદનીશ રાખ્યો પરંતુ થોડા સમય બાદ તેઓને લાગ્યું કે તેને રાખ્યા બાદ તેઓની જવાબદારી ઘટવાને બદલે નવા પ્રકારની સમસ્યા આકાર લઈ રહી છે, તેમાંય જો ચોવીસ કલાકનું કામવાળું હોય તો કોઈ પ્રકારની ગોપનીયતા રહેતી નથી. પતિ-પત્નીના સાથે મળીને કામ કરવાને કારણે તેઓની વચ્ચે પ્રેમ અને આત્મીયતા પણ વધે છે. નિરાલી અને તેના પતિ વચ્ચેની આ લાગણીઓ ઓછી થઈ ગઈ અને નિયમિત કામવાળાની હાજરી તાણજનક બાબત બની ગઈ.

અન્ય એક ગૃહિણી કહે છે કે આખા દિવસની કામવાળી બાઈની હાજરીને કારણે જાણે એવું લાગે છે કે તમારી પર કેમેરા ગોઠવેલા છે. તમે કશું મુક્તમને કરી શકતા નથી. અન્ય એક ગૃહિણીને ટી.વી. નિહાળવામાં તકલીફ પડે છે કારણ કે એ જ્યારે પણ ટી.વી. સામે બેઠી હોય અથવા તો જેવું ટી.વી. ચાલુ કરે કે તરત કામવાળી પણ તરત ત્યાં આવીને જોવા બેસી જાય...!

જે ઘરમાં પૂરા દિવસના કામવાળા હોય છે તે ઘરની સ્ત્રીઓમાં આળસ ઘર કરી જાય છે. તેમના મનથી એમ હોય છે કે આપણે શું કામ કામ કરવાનું? એના માટે તો પૈસા ખર્ચીને કામવાળી રાખી છે, પરિણામે તેમની શારીરિક પ્રવૃત્તિ ઘટતી જાય છે. પરિણામે તેઓ અનેક રોગોના શિકાર બને છે. શારીરિક પ્રવૃત્તિ ઘટવાથી મનુષ્યમાં સ્થૂળતા આવે છે.

એક નિષ્ણાત કહે છે કે ઘરનાં કામ કરવાથી કેલરી પણ સારી બળે છે; વજન નિયંત્રણમાં રહે છે અને મૂડ સારો રહે છે. ઘરનાં કામ કરવાથી દર કલાકે સોથી ત્રણસો જેટલી કેલરી બળે છે. કામવાળાથી ટેવાઈ જવાને કારણે આપણે તેના વિના આપણા જીવનની કલ્પના નથી કરી શકતા. તેઓની ગેરહાજરી આપણને ગભરાવી નાંખે છે. જે આગળ જતાં આપણામાં તાણ અને અસલામતીની લાગણીઓ ઉત્પન્ન કરે છે.

કામવાળીની ઘરમાં લાંબા સમયની હાજરી બાળકોના વિકાસ અને પ્રગતિમાં બાધારૂપ બની શકે છે. એક વ્યવસાયી માતા કહે છે કે કામવાળા ગમે તેટલા જરૂરી હોય પણ તેઓ ક્યારેય માતા-પિતાનો વિકલ્પ બની શકતા નથી. તેથી વ્યસ્ત રહેતાં માતા-પિતાએ રોજ અચૂકપણે થોડો સમય પોતાનાં સંતાનો સાથે વિતાવવો જોઈએ. એક ગૃહિણી પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે તેનો ચાર વર્ષનો બાળક રાત્રે પથારી પલાળતો હતો. મધરાતે તે જાગીને અચાનક રડવા માંડ્યો, તપાસ કરતાં ખબર પડી કે તેની આયા તેને ધમકાવતી અને મારતી હતી, જેથી તે અસુરક્ષાની લાગણીમાં જીવતો હતો.

બીજી એક માતા પોતાની વાત કરતા કહે છે કે જ્યારે તેની આયા પરણીને ગઈ ત્યારે તેને પોતાના સંતાનની ખૂબ ચિંતા હતી પરંતુ તેણે જોયું કે આયાના ગયા બાદ તેનું સંતાન ખૂબ ખુશહાલ દેખાતું હતું. પોતાનાં કામ તે જાતે કરવા લાગ્યું. વાસ્તવમાં આયાની સતત હાજરી અને મદદને કારણે તે બાળક પરાવલંબી બની ગયું હતું. જાતે કામ કરવાને કારણે તેનો આત્મવિશ્વાસ પણ વધ્યો હતો. એક માતાએ આયાને બદલે ડે-કેર-સેન્ટર પસંદ કર્યું કારણ કે જ્યારે પણ આયા કામ છોડી જાય ત્યારે તેમનું બાળક હિજરાતું હતું. ડે-કેર-સેન્ટર થોડું મોંઘું હોય છે પરંતુ ત્યાં આ પ્રકારની સમસ્યાઓ થતી નથી. માતા નિશ્ચિંતપણે નોકરી કરી શકે છે.

તો વાચકમિત્રો! આજના મોંઘવારીના જમાનામાં કામવાળા બહુ મોંઘા થઈ ગયા છે. માટે ‘જાત મહેનત ઝિંદાબાદ!’ ‘કામ કરે ઈ જીતે મનવા, કામ કરે ઈ જીતે.’ આજનાં આધુનિક ઉપકરણો- જેવાં કે વોશિંગ મશીન, ડિશ વોશર, માઈક્રોવેવ ઓવન, કચરા-પોતાનું પણ મશીનને કારણે વ્યક્તિના કામ કરવાના સમયગાળામાં ઘણો બચાવ થયો છે અને ગૃહિણીને લાગે છે કે કામવાળાની દેખરેખ કરવામાં શક્તિ, સમય વેડફવાને બદલે આ રીતે શાંતિથી કામ થઈ શકે છે. એક તો કામવાળાની રાહ જોવાનું કામ પણ અઘરું લાગે છે, આવશે કે નહીં? તે પણ એક પ્રશ્ન હોય છે, આથી આજે જ્યારે બજારમાં દરેક પ્રકારનાં ઉપકરણો ઉપલબ્ધ બન્યાં છે ત્યારે કામવાળાની અનિવાર્યતા ઘણી ઓછી થઈ ગઈ છે.

તો મિત્રો, ઘરમાં જાતે કામ કરવાથી ઘરના દરેક સભ્યના મનમાં પોતીકાપણુંની ભાવના જાગે છે. સંપ અને સહકારથી કામ કરવાથી સંબંધો મજબૂત બને છે અને ઘર સ્વચ્છ અને વ્યવસ્થિત રહે છે.

## સુવર્ણરજ

**માણસને ભરખી જનારો કોઈ મહારોગ હોય તો તે છે કામચોરી. કામ સાધે તે ‘કર્મવીર’...! કામ ટાળે તે ‘કર્મભીરૂ’!**